તા. ૧૬.૦૯.૨૦૨૪

ગાંધીનગર સમાચાર, પાના નં. ૦૭

# અમદાવાદ મોટેરા સ્ટેડિયમથી ગિફ્ટ સિટી જવા માટે ટાઈમટેબલ જાહેર થયું

## હવે અમદાવાદ એપીએમસીથી ગિફ્ટ સિટી સુધી મેટ્રો ટ્રેનની સેવા મળવાની છે, આ માટે ટાઈમટેબલ પણ જાહેર

અમદાવાદ, તા.૧૫

ગુજરાતના નાગરિકો માટે વધુ એક આનંદના સમાચાર છે. હવે ગુજરાતનાં નાગરિકો અમદાવાદથી ગાંધીનગર સુધી મેટ્રોની મુસાફરી કરી શકશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મેટ્રોના બીજા ફેઝનો ૧૬ સપ્ટેમ્બરે શુભારંભ કરાવશે. મેટ્રો ફેઝ-૨ નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-૧ સુધી કનેક્ટ થશે. મેટ્રો ફેઝ-૨નો એક કોરિડોર ગિફ્ટ સિટી અને અમદાવાદને જોડશે. અમદાવાદના એપીએમસીથી ગાંધીનગર સેક્ટર ૧ સુધીની મેટ્રો યાત્રા ૩૩.૫ કિ.મી અંતર ૬૫ મિનિટમાં કપાશે. જેનું ભાડું ૩૫ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે.



મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર જવા માટે મેટ્રોનું ટાઈમટેબલ જાહેર કરી દેવામાં આવ્યું છે. મોટેસા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી સેક્શન ૧ મેટ્રો સ્ટેશન અને સેક્ટર-૧થી મોટેરા સ્ટેડિયમ સુધીનું ટાઈમ ટેબલ જાહેર કરાયું છે. તો જીએનએલયુથી ગિફ્ટ સિટી અને ગિફ્ટ સિટીથી જીએનેલયુ માટેનું ટાઈમટેબલ જાહેર કરવામાં આવ્યું છે. આ ટ્રેન સેવા ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે.

આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેવા કે જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર ૧ના વિસ્તારને આવરી લેવાશે. શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે. મેટ્રોના બીજા ફેઝનો રૂટ ૨૧ કિ.મીનો છે. મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૫,૩૮૪ કરોડ છે; જેમાં **AFD** અને **KfW** જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાંથી ફન્ડીંગ લેવામાં આવ્યું છે. આ મેટ્રો રેલ વિસ્તરણથી અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો પર કનેક્ટિવિટી મળશે.